## સિંધી ફુડ બન્યું સ્ટ્રીટ ફુડ, યંગસ્ટર્સ થયા આફરિન

# દાલ પકવાન અને ચાપ છોલા, તેની પાછળ થયાં સુરતીઓ ઘેલા

ઘરે મહેમાન આવે ત્યારે તેમને પાણીનો ગ્લાસ આપી તેમના પ્રત્યે સમ્માન દર્શાવાય છે. સિંધી સમાજમાં ઘરે આવતા મહેમાનોને માત્ર પાણીનો ગ્લાસ નથી અપાતો સાથે શેકેલો પાપડ પણ અતિથિ સમક્ષ મુકાય છે. સિંધી સમાજના લોકોમાં સવારે નાસ્તામાં, બપોરે લંચમાં અને રાત્રે ડિનરમાં પાપડ ખાવાનું ચલણ છે. સુરતમાં દોઢ લાખથી વધુ સિંધી સમાજના લોકો વસ્યા છે. તેમનો મુખ્ય તહેવાર ચેટીચાંદ હવે આવશે. સિંધી ભાષા સાંભળવી બહુ મીઠી લાગે છે સાથે તેમના વ્યંજનો પણ લિજ્જતદાર લાગે છે. સિટીના લોકો જ્યારે પણ સ્ટ્રીટ ફૂડની મજા માણવા નીકળે છે ત્યારે દાલ પક્વાનનો સ્વાદ પણ લેતાં હોય છે. આ દાલ પકવાન સિંધી લોકોનું મુખ્ય વ્યંજન છે. આ સાથે સિંધી પકવાનોમાં ચાપ છોલા, ભુગલ માવા ( મિલ્ક કેક) સુરતમાં રહેતા સ્વાદશોખીનોમાં ઘણાં લોકપ્રિય બન્યા છે. આમ તો કમળના ફૂલ મખાના સ્વાસ્થ્યપ્રિય લોકોમાં ઘણું પ્રિય બની ગયું છે. આ કમળના છોડનું પાણીમાં રહેલું મૂળ જેને સિંધી ભાષામાં ભીહ કહેવાય છે તે ભીહ ચાપ પણ હવે તો સ્ટ્રીટ ફૂડમાં ખાવાનું ચલણ વધ્યું છે. આ ઉપરાંત સિંધી પ્રજાના બીજા ક્યા વ્યંજનોની સુરતમાં ડિમાન્ડ થવા લાગી છે? તેના વિશે જાણીએ...



### દાલ પકવાન અને ચાપ છોલા સ્ટ્રીટ ફૂડ તરીકે 30થી વધુ વર્ષથી સુરતીઓની પસંદ છે: અમર ચાંદવાની



અમર ચાંદવાની દાલ પકવાન સહિત અનેક સ્વાદિષ્ટ ડિશ સુરતીઓને ખવડાવે છે. તેમણે જણાવ્યું કે, દાલ પકવાન અને ચાપ છોલા, સમોસા છોલા સ્ટ્રીટ ફૂડ તરીકે સુરતી લોકોમાં 30-40 વર્ષથી ફેમસ છે. સુરતીઓને નવા નવા સ્વાદ જોઈતા હોય તેઓ સિંધી ફૂડની પણ ડિમાન્ડ કરવા લાગ્યા છે. ભીહ ચાપ તો સ્વાસ્થ્યવર્ધક છે એટલે હેલ્થ પ્રત્યે જે લોકો સજગ છે તેઓ ભીહ ચાપ ખાવા આવતા હોય છે.

### ચાપ છોલામાં તીખી મીઠી ચટણીને કારણે યુવતીઓમાં ડિમાન્ડ



ચાપ એટલે એક પ્રકારની પેટીસ હોય અને છોલા એટલે એક પ્રકારનો રગડો. ચાપ છોલામાં હવે વેરાયટી તરીકે સમોસા છોલા એડ થયા છે. જેને ચાપ પસંદ નહીં હોય તે સમોસા છોલા ખાવાનું પસંદ કરે છે. તેમાં તીખી મીઠી ચટણી હોય ઉપરાંત યુવતીઓને તીખું તમતમતું ભાવતું હોય એટલે ચાપ છોલા તીખા તમતમતા બનાવાય છે. તમે એક પ્લેટ ચાપ છોલા ખાવ એટલે પેટ ભરાય જાય. વળી, તે બહુ મોંઘી ડિશ પણ નથી. 30થી 35 રૂપિયામાં સ્ટ્રીટ ફૂડ તરીકે તે મળી જાય છે.

### દાલ પકવાન ઓલ ટાઈમ ફેવરિટ સ્ટ્રીટ ફૂડ

મોટા ભાગના સિંધી સમાજના લોકોની સવાર દાલ પક્વાન વગર અધૂરી હોય. મેંદાની 7થી 8 ઈંચ ડાયામીટરની મેંદાની ક્રિસ્પી પુરીના ટુકડા દાલ સાથે ડુબાડીને ખાવાની મજા અલગ જ હોય છે. જેમ આલુપુરી, ખાવસાનો ટેસ્ટ સવારે કે બપોરે લેવાનું મોટાભાગના સુરતીઓ પસંદ કરે છે, એમ દાલ પકવાને આલુપુરી, વેજ ખાવસા વચ્ચે પોતાનું સ્થાન બનાવી લીધું છે. આમાં દાલ મગની કે ચણાની હોય તેની ઉપર કાંદાની ચીરી ભભરાવેલી હોય. સિંધી સમાજના લગ્ન પ્રસંગોમાં નાસ્તાની ડિશમાં દાલ પકવાન તો હોય જ. સુરતી યંગસ્ટર્સ સવારે અથવા બપોરે દાલ પક્વાનનો સ્વાદ લેવાનું પસંદ કરવા લાગ્યાં છે. આ ડિશ સુરતમાં સ્ટ્રીટ ફૂડ તરીકે ઘણા વર્ષોથી પસંદ કરવામાં આવી રહી છે.સિંધી કઢી ચાવલ પણ હવે એક બે જગ્યાએ મળે છે.





### ક્યાલુ ચાટ, સિંધી સના ભજીયા

ક્યાલુ એટલે અરબી કે અળવી કંદને બાફીને તેની સ્વાદિષ્ટ ચાટ બનાવાય છે. ચાટ તો યુવક યુવતીઓ બધા ને જ ભાવે છે. આ ઉપરાંત સિંધી સના ભજીયા પણ હવે સુરતમાં ધીરે ધીરે ફેમસ થઈ રહ્યા છે. બેસનમાંથી મોટા ભજીયા બનાવી તેને ત્રણ કે ચાર ટુકડા કરી ફરી ડીપફ્રાય કરાય છે. આ ભજીયા સાથે મરચાના ભજીયા અને આલુ ટીક્કી ખવાય છે. આ ભજીયા યંગસ્ટર્સ કરતા એજેડ વયના પકોડા ખાવાના શોખીનોને ભાવે છે.



### ભુગલ માવો અને સોન હલવા (પલંગ તોડ હલવા) સિંધી સ્વિટ્સ

આપણે જેને મિલ્ક કેક કહીએ છીએ તે ઓરિજિનલ સિંધી મીઠાઈ છે અને તેને ભુગલ માવો કહેવાય છે. સ્વિટ્સ ખાવાના શોખીનોને આ ભુગલ કેક (મિલ્ક કેક) બહુ જ ભાવે છે. જોકે, હેલ્થ માટે અવેર યંગસ્ટર્સ તેને બહુ પસંદ નથી કરતા. સોન હલવા જેને દિલ્હીમાં પલંગ તોડ હલવા કહેવાય છે તે માત્ર ખાંડ ઘી અને સૂકા મેવાથી બને. તે કડક હોય અને ગળ્યું હોવાથી અત્યારે તેને યંગસ્ટર્સ બહુ ખાવાનું નથી પસંદ કરતાં પણ તે દિવાળી કે અન્ય તહેવારો પર સુરતમાં મળે છે.



### ભીહ ચાપ અને યંગસ્ટર્સ ફાસ્ટફૂડ તરીકે ખાય છે

કમળકાકડી એટલે કમળના છોડનો નીચેનો ભાગ જે પાણીની અંદર હોય. ઓલપાડ સાઈડ તળાવમાં કમળકાકડી થાય છે. આ કમળકાકડીને ભીહ કહેવાય છે તેને બાફીને ગ્રીન ચટણી, મીઠી ચટણી, કાંદા સેવ એડ કરાય છે જે યંગસ્ટર્સને વધારે ભાવે છે. આ ઉપરાંત સાંજે ફાસ્ટફૂડની મજા લેવા નીકળતા યંગસ્ટર્સ ભરેલા ભીહને પણ ટેસ્ટથી ખાય છે. ભરેલા ભીહમાં કમળકાકડીને બાફીને ટુકડા કરે તેમાં ખટમીઠો મસાલો એડ કરાય છે. તે પણ સ્ટ્રીટ ફૂડ તરીકે પસંદ કરાય છે.

### હેલ્ધી અને ટેસ્ટી ફૂડ હોવાથી હવે સિંધી ફૂડનો ટેસ્ટ બધા જ લોકો લે છે: કમલેશ ગોપલાણી



કમલેશભાઈ ગોપલાણી જણાવે છે કે, 30-40 વર્ષથી સિંધી પકવાન ગુજરાતી, મારવાડી, મુસ્લિમ સમાજના લોકોમાં પ્રિય બન્યા છે. તે હેલ્ધી છે સાથે ટેસ્ટી પણ હોય છે. ઉપરાંત પ્રાઇઝ પણ અફોર્ડબલ હોય. જેમકે, દાલ પકવાન 40 કે 45 રૂપિયામાં એક ડિશ મળે અને બે લોકો પેટ ભરીને ખાઈ શકે છે. ચાપ છોલા, સમોસા છોલા 30-35 રૂપિયામાં મળે છે.

---

CREATIVE માઈન્ડ્સ

ભારત એવો દેશ છે જ્યાં બચ્ચા બચ્ચાઓમાં ક્રિકેટ એટલું પ્રિય છે કે જ્યારે વર્લ્ડકપ હોય અને તેમાં ઈન્ડિયન ટીમ ફાઈનલમાં હોય પછી તો પૂછવું જ શું! દેશભરના રસ્તા સુમસામ થઈ ગયા હોય અને મોટાભાગના ભારતીયો TV સ્ક્રીન સામે ક્રિકેટ મેચ જોવા બેસી ગયા હોય. રવિવારે ન્યુઝીલેન્ડની ટીમને હાર આપીને ભારતીય ટીમ વિજેતા બની ત્યારે તો જીતનું જશ્ન મનાવવા ભાગળ પર હકડેઠઠ ભીડ થઈ ગઈ હતી. આ ભીડમાં એક ક્રિકેટ પ્રેમી એવા ધવલભાઈ ભંડારી પણ હતાં. પત્ની, બંને બાળકો અને હાથમાં આપણો નેશનલ ફ્લેગ લઈને ભાગળ ચાર રસ્તા પર પહોંચી ગયાં હતાં. ત્યાં ફટાકડા ફોડીને જીતનું સેલિબ્રેશન કરવામાં તેમનો ઉત્સાહ પણ જોવા જેવો હતો. આ ધવલભાઈ એટલાં ક્રિકેટ રસિયા છે કે તેમના ઘરમાં ઈન્ડિયન ક્રિકેટર્સના પોસ્ટર્સ, ફોટાનું બહોળું કલેક્શન છે. 1983માં ભારતની ટીમે પહેલીવાર વર્લ્ડ કપ જીત્યો ત્યારના ક્રિકેટરોએ જે સેલિબ્રેશન કર્યું હતું તેના ઓરિજિનલ ફોટાનું કલેક્શન તો ઉડીને આંખે વળગે તેવું છે. તેમની પાસે ક્રિકેટ રિલેટેડ બીજી કઈ કઈ વસ્તુઓનો સંગ્રહ છે અને તેમને આવો અનુઠો શોખ ક્યારથી છે, ચાલો તે આપણે જાણીએ...

# 1983ના વર્લ્ડ કપના ફોટાઓનું સુરતી યુવાન પાસે અનોખું કલેક્શન

### 1983ના વર્લ્ડકપ માટે પ્રેક્ટિસ અને સેલિબ્રેશનના 50 ફોટાથી વધુ ફોટાનું કલેક્શન

1983માં ઈન્ડિયા પહેલીવાર વર્લ્ડકપ જીત્યું હતું. વર્લ્ડકપ ઈન્ડિયાના નામે કરાવવા તે સમયે વેસ્ટ ઈન્ડિઝના પ્લેયર્સ સામે ભારતના જે ખેલાડીઓ રમ્યા હતાં તેમના ફોટાનું કલેક્શન ધવલભાઈ પાસે છે. આ મેચ પહેલા હૈદ્રાબાદમાં ઈન્ડિયન ક્રિકેટરોએ પ્રેક્ટિસ કરી હતી તેના અને ઈંગ્લેન્ડમાં વર્લ્ડકપ જીત્યા બાદ ઈન્ડિયન પ્લેયર્સે પોતાની ફેમિલી સાથે જે સેલિબ્રેશન કર્યું હતું તેના 50થી વધુ ઓરીજનલ ફોટાનું કલેક્શન ધવલભાઈ પાસે છે. તેમના મામના ફ્રેન્ડ જગદીશભાઈ તરફથી ફોટાનું આલ્બમ 12 વર્ષ પહેલાં મળ્યું હતું. કપિલ દેવ, રવિ શાસ્ત્રી, સંદીપ પાટીલ, મોહિન્દર અમરનાથ, કીર્તિ આઝાદના ફોટા સુરતમાં ધવલભાઈએ સાચવી રાખ્યા છે.







### ક્રિકેટર્સની હિસ્ટ્રી દર્શાવતા પ્લેઈંગ કાર્ડઝ લાગે છે અનોખા

2005થી 2015 સુધીના ભારતીય, વેસ્ટ ઈન્ડિઝ, ઝિમ્બાબ્વે, ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર્સના ફોટાવાળા પ્લેઈંગ કાર્ડઝનો ખજાનો પણ ધવલભાઈ પાસે છે. આ પ્લેઈંગ કાર્ડઝ 2015 સુધી જોવા મળતા પણ હવે જોવા નથી મળતા. આ Playing Cardsની ખાસિયત એ છે કે તેમાં ક્રિકેટર્સની જન્મ તારીખ, તેઓ ક્યારથી ક્રિકેટ રમવા લાગ્યા, તેમની પહેલી ઈનિંગ્સ વગેરેની માહિતી દર્શાવવામાં આવી છે.



### ક્રિકેટર્સના 100થી વધારે મોટા પોસ્ટર્સ અલગ અલગ શહેરોમાંથી મેળવ્યા

એન્ટિક આર્ટિકલ્સના સંગ્રહના શોખીન ધવલભાઈ પાસે ઈન્ડિયન ક્રિકેટર્સ રવિ શાસ્ત્રી, કપિલ દેવ, સિધ્ધુ, મદન લાલ, અજય જાડેજા, અઝહરુદ્દીન અને અન્ય ક્રિકેટર્સના 100થી વધારે પોસ્ટર્સનું કલેક્શન છે. પોસ્ટર્સનું કલેક્શન 1988-89થી કરે છે. ઘરની દીવાલ પર ટાંગી શકાય તેવા 2 બાય 3ની સાઈઝના આ પોસ્ટર્સ અમદાવાદ, વડોદરા, નવસારી, સુરતમાંથી મેળવ્યા છે. કોઈ પાસેથી 5 તો કોઈ પાસેથી 10 એ રીતે પોસ્ટર્સ ખરીદીને પોતાના એન્ટિક વસ્તુઓના ખજાનામાં સાચવી રાખ્યા છે.

### 31 વર્ષ જુના બોલ યાદગીરી તરીકે સાચવી રાખ્યા



હવે તો સીઝનના બોલથી ક્રિકેટ રમાય છે પણ પહેલાં ડામરના બોલથી ક્રિકેટ રમતા. ધવલભાઈ બાળપણમાં જે બોલથી બેટ બોલ રમતા તેવા 10થી વધુ નાના બોલ યાદગીરી તરીકે સાચવી રાખ્યા છે. તેમાં રબરના, ડામરના અને સ્પન્જ બોલનો સમાવેશ થાય છે. 31 વર્ષથી સાચવી રાખેલા આ બોલમાં ડામરના બોલ 200થી 300 ગ્રામ વજનના છે. ધવલભાઈને 30 વર્ષથી અનોખી અને એન્ટિક વસ્તુઓના સંગ્રહના શોખ છે. તેમની પાસે ક્રિકેટ રિલેટેડ વસ્તુઓ ઉપરાંત પણ અન્ય એન્ટિક વસ્તુઓનો ખજાનો છે.

### ક્રિકેટની હિસ્ટ્રી, સચિન તેંડુલકરની બાયોગ્રાફી સહિતના પુસ્તકો મુંબઈથી મેળવ્યા

ક્રિકેટની શરૂઆતથી લઈને કેટલી મેચ વર્લ્ડ ઓવરમાં રમાઈ તેના વિશેનો ઈતિહાસ દર્શાવતા પુસ્તકો ઉપરાંત સચિન તેંડુલકરની 256 પાનાનું બાયોગ્રાફી પુસ્તક અને ક્રિકેટને લગતાં અન્ય પુસ્તક જેમકે Sportster, Between The Wickets જેવા પુસ્તકો ધવલભાઈએ મુંબઈથી ખરીદ્યા છે. સચિન તેંડુલકરના પુસ્તકમાં સચિનના ક્રિકેટ ગુરુ, તેમના બાળપણથી લઈને મોટા થયા, અંજલિ મહેતા સાથે લગ્ન કર્યા ઉપરાંતના બ્લેક એન્ડ વ્હાઈટ અને કલર ફોટાનું કલેક્શન જોવા અને આ પુસ્તક વાંચવા અનેક પુસ્તક પ્રેમીઓ તેમની પાસેથી લઈ જાય છે.




---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## ભારત જ્યારે પણ જીતશે ક્રિકેટની બાજી, લહેરાવીશું તિરંગા, કરીશું ભારે આતશબાજી




સામે હોય પાકિસ્તાન કે પછી હોય ભારતની કોઈપણ મેચ, અમે તો કાયમ લઈએ જીતની ઉજવણીનો કેચ... જીતની તૈયારી હોય અને અમારી ઢોલ-નગારાં સાથે ભાગળ પહોંચવાની તૈયારી હોય... હાથમાં લહેરાવતા તિરંગા અને કરીએ આતશબાજી, અમારે મન તો કાયમ જીતવું જોઈએ ઈન્ડિયાની ટીમ જ જીતની બાજી... ભલે થાય ટ્રાફિકજામ પણ અમે તો છલકાવીએ ઉત્સાહના જામ...